## મેસેચ્યુસેટ્સના કારોબાર માટે સેક્ટર-સ્પેસિફિક રિલિફ ગ્રાન્ટ પ્રોગ્રામ

**પ્રોગ્રામ અંગે વિહંગાવલોકન:**

કોમનવેલ્થ ઓફ મેસેચ્યુસેટ્સે નવા અને અત્યારના પ્રોગ્રામ્સ મારફતે કારોબારને ટેકો આપવા વધારાના 668 મિલિયન ડોલરનું ભંડોળ ઉપલબ્ધ બનાવ્યું છે. મેસેચ્યુસેટ્સ ગ્રોથ કેપિટલ કોર્પોરેશન (એમજીસીસી)એ કોવિડ-19 મહામારીને લીધે જેમને આર્થિક મોરચે સૌથી વધારે મુશ્કેલી પડી છે ને આવકમાં નુકસાન થયું છે તેવા સેક્ટરોને લક્ષ્યમાં રાખી આ ભંડોળની ફાળવણી કરી છે.

કોમનવેલ્થના નાણાકીય વર્ષ 2021 માટેના સંચાલકીય બજેટ (એફવાય21) તેમ જ કેર્સ ધારો,2020 પ્રમાણે આ ફાળવણી યોગ્ય છે.

રોકડ રાહતની અસાધારણ જરૂર છે તેવા સૌથી વધારે માઠી અસર ધરાવતા નાના કદના કારોબારને ધ્યાનમાં રાખી આ કારોબારી રાહત ફંડ લક્ષ્યાંક ધરાવે છે. અલત આ મહામારીથી ઘણાબધા કારોબારને નકારાત્મક અસર થઈ છે ત્યારે તમામને માટે સમાન જરૂરી નથી. એ સુનિશ્ચિત કરવા માટે કે આ મર્યાદિત ભંડોળ સૌથી વધારે માઠી અસર ધરાવતા કારોબારને મળે છે ત્યારે નીચે પૈકી કોઈ સ્થિતિ તમે ધરાવતા હોય તો **તમારે અરજી કરવી જોઈએ નહીઃ**

- કોરોના વાઈરસની મહામારીને લીધે સંચાલનમાં કોઈ નુકસાન ન થયું હોય.
- રાહતના અન્ય સંશાધનોમાં એક્સેસ ધરાવતા હોય.
- નોંધપાત્ર નાણાકીય દબાણ વગર કામગીરીને ચાલુ રાખવા સક્ષમ રહ્યા હોય.
- પૂરતા પ્રમાણમાં અનામત ધરાવતા હોય.

આ ઉપરાંત એવી મોટા કદની કંપનીઓ કે જે આ આર્થિક મંદીને સહન કરવાની વધુ સારી સ્થિતિ ધરાવે છે તેમ જ કોવિડ-19ને લગતા નિયંત્રણો લાગૂ થવા જોઈએ નહીં.

અસાધારણ પરિસ્થિતિનો સામનો કરી રહેલા કારોબાર દ્વારા ઓછી જરૂરિયાત સાથે મોટી સંખ્યામાં અરજીઓ કરવામાં આવવાના સંજોગોમાં આ કારોબારને ભંડોળની ફાળવણી કરવામાં વિલંબ થશે.ખરાઅર્થમાં અસાધારણ જરૂરિયાત વગર કંપની માટે અરજીની સમીક્ષા કાયમીધોરણે બંધ થવાના જોખમથી કારોબારને સહાયતામાં વિલંબ થાય છે.

**કોણે અરજી કરવી જોઈએઃ**

નીચે દર્શાવવામાં આવેલા સેક્ટરોને પ્રાધાન્યતા આપવામાં આવશેઃ

*અગ્રિમ કેટેગરીઝ*

- રેસ્ટોરન્ટ, બાર, અને ફૂડ ટ્રક કે જે મિલ્સ ટેક્સ કલેક્ટ કરે છે અને છૂટ ધરાવે છે.
- ઈનડોર રિક્રિએશન અથવા એન્ટરટેઈનમેન્ટ એસ્ટાબ્લિશમેન્ટ્સ
    i. ઈનડોર એન્ટરટેઈમેન્ટ એસ્ટાબ્લિશમેન્ટ્સ (જેમ કે. મૂવી થિએટર્સ, કોમેડી ક્લબ્સ, પર્ફોમિંગ આર્ટ્સ વેન્યુઝ/સંસ્થાઓ)
    ii. ઈનડોર રિક્રિએશન (જેમ કે. આર્કેડ્સ, બોવલિંગ સેન્ટર્સ, પૂલ/બિલિયર્ડ હોલ્સ, એસ્કેપથ-રૂમ્સ, ટ્રમપોલિન પાર્ક્સ, રોલર-સ્કેટીંગ રિંક્સ)
    iii. ઈનડોર સ્પેક્ટેટર સ્પોર્ટ્સ વેન્યૂઝ
    iv. અન્ય ઈનડોર રિક્રિએશન અથવા એન્ટરટેઈનમેન્ટ વેન્યુસ
- જીમ્સ અથવા ફિટનેસ સેન્ટર્સ
    i. જીમ્સ, એથલેટીક ક્લબ્સ, વ્યાયામ કેન્દ્રો, આરોગ્ય ક્લબ્સ
    ii. સ્પોર્ટ્સ ફેસિલિટીઝ (જેમ કે ટેનિસ ક્લબ્સ, રેક્વેટબોલ ક્લબ્સ, હોકી રિંક્સ, સ્વીમિંગ ફેસિલિટીઝ)
    iii. ફિટનેસ ઈન્સ્ટ્રક્શન સેન્ટર્સ (જેમ કે એરોબિક્સ, ડાન્સ, યોગા, કરાટે વગેરે)
    iv. અન્ય જીમ્સ અથવા ફિટનેસ સેન્ટર્સ

- પર્સનલ સર્વિસિસ
    i. નેઈલ સલૂન્સ, વાણંદની દુકાનો, વગેરે.
    ii. ઈન્ડિપેન્ડેન્ટ ફાર્મસિસ
- ઈવેન્ટ સપોર્ટ કંપનીઓ-આવકનો પ્રાથમિક સ્રોત (50%થી વધારે) ઈવેન્ટ સંબંધિત હોય.
    i. ફોટોગ્રાફી સ્ટુડિયો, વીડિયોગ્રાફી સ્ટુડિયો, ફ્લોરિસ્ટ્સ, લીમો સર્વિસિસ, ઈવેન્ટ પ્લાનિંગ કંપનીઓ, ઈવેન્ટ રેન્ટલ્સ, પર્ફોમર્સ, સંમ્મેલનો અને વ્યાપાર દર્શાવતી સંસ્થાઓ.
- ઈન્ડિપેન્ડેન્ટ રિટેલર્સ
    i. બ્રિક અનો મોર્ટર લોકેશન્સ ધરાવતા બિઝનેસ કે જે સેલ્સ ટેક્સ કલેક્ટ કરે છે અને રેમિટ ધરાવે છે.

*બિન-અગ્રિમતા ધરાવતી કેટેગરીઓઃ*

- અન્ય તમામ યોગ્યતા ધરાવતા કારોબારના પ્રકાર

**અરજી રજૂ કરવાને લગતી સૂચનાઃ**

તમારી અરજી એમજીસીસીની ઓનલાઈન અરજી પોર્ટલ મારફતે ઈલેક્ટ્રોનિકલી આવશ્યક દસ્તાવેજોમાં રજૂ કરવા માટે દર્શાવવામાં આવ્યા પ્રમાણેના જોડાણો સાથે તમારી અરજી સંપૂર્ણ ભરેલી અને સબમિટ કરવામાં આવેલી હોવી જોઈએ. હાર્ડ કોપી અથવા ઈલેક્ટ્રોનિક કોપી અન્ય કોઈ પણ પદ્ધતિથી જેમ કે પત્ર-વ્યવહાર અથવા ઈમેલ મારફતે રજૂ કરવામાં આવશે તો તે ધ્યાનમાં લેવામાં આવશે નહીં. આ ઉપરાંત ફક્ત સંપૂર્ણ ભરાયેલી, ચોક્સાઈ ધરાવતી તથા યોગ્યતા ધરાવતી અરજીને જ ધ્યાનમાં લેવામાં આવશે.

કૃપા કરી આ સલાહ ધ્યાનમાં લેશો કે પ્રોગ્રામ ડેડલાઈન દ્વારા આવશ્યક તમામ દસ્તાવેજોનો જ સમાવેશ કરવો,જે ધ્યાનમાં લેવામાં આવશે. કૃપા કરી નીચે આપવામાં આવેલ “આવશ્યક દસ્તાવેજીકરણ”ની સંપૂર્ણ યાદીને જુઓ. સામાન્ય પ્રકારની ભૂલોને લીધે પણ તમારી અરજીને ધ્યાન પર લેવામાં આવશે નહીઃ

- મેસેચ્યુસેટ્સ સેક્રેટરી ઓફ સ્ટેટની ઓફિસમાંથી સર્ટીફિકેટ ઓફ ગુડ સ્ટેન્ડિંગ
- વર્ષ 2019નું સંપૂર્ણ ફેડરલ બિઝનેસ ટેક્સ રિટર્ન
- દરેક કારોબારના માલિક માટે 20 ટકા અથવા વધારે માલિકી માટે વર્ષ 2019નું સંપૂર્ણ ફેડરલ પર્સનલ ટેક્સ રિટર્ન્સ

**સમયસીમાઃ**

31/12/2020 બપોરે 12:00 વાગે - અરજી ખુલી

15/01/2021 બપોરે 11:59 વાગે- અરજી બંધ

**ચુકવણીની પ્રક્રિયાઃ**

અરજીનો સમય બંધ થયા બાદ, મેસેચ્યુસેટ્સ ગ્રોથ કેપિટલ કોર્પોરેશન (એમજીસીસી) યોગ્યને લગતો નિર્ણય કરવા તમામ અરજીની સમીક્ષા કરશે. એમજીસીસી યોગ્યતાના માપદંડ તથા પ્રાથમિકતાના ધોરણે ભંડોળ આપશે અને વિતરણ કરશે.

**ફેડરલ ફંડ, કાયદા તથા નિયમનોનું પાલન**

તમામ લાગૂ થવાપાત્ર કાયદા સાથે અરજી સંપૂર્ણપણે ભરવી જરૂરી છે.

**ભાષા અનુવાદઃ**

પ્રોગ્રામ અવલોકન માહિતી ટૂંક સમયમાં નીચે દર્શાવવામાં આવેલી ભાષાઓમાં ઉપલબ્ધ બનશેઃ (અરજી અંગ્રેજી ભાષામાં જ રહેશે)

· અરબી

·ગુજરાતી

· હૈતીયન ક્રિઓલ

· ખમેર

· કોરિયન

· પોર્ટુગીઝ

· સરળ ચાઈનીઝ

· સ્પેનિશ

· પરંપરાગત ચાઈનીઝ

· વિયેતનામીઝ

**અરજદારની યોગ્યતાઃ**

જો તમારો કારોબાર ભંડોળ (ગ્રાન્ટ) માટે અરજી કરવાની યોગ્યતા ધરાવે છે તો તે નક્કી કરવા માટે અરજીની પ્રક્રિયા શરૂ કરતા પહેલા નીચે આપવામાં આવેલ કાર્યક્રમની યોગ્યતાના માપદંડની સમીક્ષા કરો.

| પ્રોગ્રામની વિગતો |
| --- |
| **ભંડોળની રકમઃ**<br>કારોબાર 75,000 ડોલર સુધી મેળવી શકે છે જોકે 3 મહિના માટેના સંચાલકીય ખર્ચની મર્યાદા રહેલી છે,જે વર્ષ 2019ના ફેડરલ ટેક્સ રિટર્ન દ્વારા પૂરાવા તરીકે હોય છે. ગ્રાન્ડની રકમ મહામારી દરમિયાન વર્ષ 2020 માટે વાસ્તવિક ખર્ચને ધ્યાનમાં લેવામાં આવશે. ખર્ચ 10મી માર્ચ,2020થી ધ્યાનમાં લઈ શકાય છે, જે વર્ષ 2019ના ફેડરલ ટેક્સ રિટર્ન્સ દ્વારા સંચાલકીય ખર્ચના 3 મહિના માટે રજૂ કરેલ પૂરાવાથી વધારે હોવા જોઈએ નહીં.<br><br>**ભંડોળના ઉપયોગની માન્યતાઃ**<br>એમ્પ્લોઈ પેરોલ અને લાભ ખર્ચ, ગીરો (મોર્ગેજ) વ્યાજ, ભાડુ, ઉપયોગીતાઓ તથા અન્ય દેવા જવાબદારીઓ પરના વ્યાજ.<br><br>• આ અરજીને ધ્યાનમાં રાખી મંજૂર કરવામાં આવેલ ભંડોળનો કારોબારના સૂચિત ઉપયોગ ફક્ત કોરોનાવાઈરસ સહાયની કલમ 5001માં ઉમેરવામાં આવ્યા પ્રમાણે સામાજીક સુરક્ષા ધારાની કલમ 601, રાહત અને આર્થિક સુરક્ષા ધારો, એલ.નં.116-136, ભાગ અ. શિર્ષક V (27 માર્ચ,2020( (“કલમ 601”) કરવામાં આવશે.<br>• આ અરજીમાં મંજૂર કરવામાં આવેલ ભંડોળ કારોબાર દ્વારા ફેડરલ અથવા રાજ્યના અન્ય સ્રોતને આવરતા ઉદ્દેશ સિવાય અન્ય બાબત માટે ખર્ચ કરશે નહીં, જોકે તે પેચેક પ્રોટેકશન પ્રોગ્રામ લોન, ઈકોનોમિક ઈન્જરી ડિસિસ લોન, કોમ્યુનિટી ડેવલપમેન્ટ બ્લોક ગ્રાન્ટ્સ, અથવા ફેડરલ કે રાજ્ય સહાયના અન્ય કોઈ સોર્સ પૂરતી તે મર્યાદિત નથી.<br>• કારોબારે પૂરતા પ્રમાણમાં ખર્ચ સંબંધિત દસ્તાવેજો એકત્રિત કરવા તથા દર્શાવવા પડશે કે આ અરજીમાં રજૂ કરેવ બાબતો કે યોગ્યતાની મર્યાદા પ્રમાણે જ ખર્ચ કરવામાં આવેલ છે તથા સેક્ટર-સ્પેસિફિક રિલિફ ગ્રાન્ટ પ્રોગ્રામ માટે સ્થાપિત કરેલ છે. દસ્તાવેજોમાં દર્શાવેલ પણ મર્યાદી નહીં તેવી રસીદો, ઈનવોઈસ, પર્ચેઝ ઓર્ડર, કોન્ટ્રાક્ટ,આનુષંગીક આવેદનપત્ર, અથવા અનેય સંબંધિત સામગ્રીઓનો સમાવેશ થાય છે. આ મટેરિયલ સરળતાથી એક્સેસ કરી શકાય અને સર્ચ કરી શકાય તેવા ફોર્મેટ, કારોબા નિયંત્રણ, તથા શ્રેષ્ઠ પ્રેક્ટિસને જાળવી રાખતા દસ્તાવેજને અનુરૂપ સ્થિતિમાં સંગ્રહ કરવો જરૂરી છે. આ દસ્તાવેજીકરણ આ જવાબદારીઓ તથા ખર્ચાઓના આંતરિક તથા બાહ્ય ઓડિટ્સને ટેકો આપવા લાગૂ થવાપાત્ર ફેડરલ, રાજ્ય, તથા મ્યુનિસિપલ કાયદાને લાગુ થવાપાત્ર અનુપાલનોને જાળવવામાં આવે છે.સેક્ટર-સ્પેસિફિક રિલિફ ગ્રાન્ટ પ્રોગ્રામને ટેકો આપવા મુખ્ય પ્રાપ્તિકર્તા તરીકે આ દસ્તાવેજીકરણ અથવા અન્ય ઓડિટ પૂરાવા ભવિષ્યની તારીખને ધ્યાનમાં રાખી સુરક્ષિત અધિકાર ધરાવે છે.<br>• ભંડોળ પૂરું પાડનાર (ગ્રાન્ટર) કરવામાં આવેલ ખર્ચા અને/અથવા પરિણામોને લગતી વિગતો ગ્રાન્ટર દ્વારા નિયત કરવામાં આવેલ ફોર્મમાં કારોબારને લગતી વિગતો માંગવાનો અધિકાર ધરાવે છે. |

**ભંડોળના ઉપયોગ માટે મંજૂરી નહીઃ**

મહત્વના ઉપકરણની ખરીદી, રિયલ એસ્ટેટ પ્રોપર્ટીની ખરીદી, બાંધકામ પ્રવૃત્તિઓ, લોબિંગ. આ ઉપરાંત ગ્રાન્ટ મેળવનાર લાભોની નકલ કરવાથી અટકવવા જરૂરી, એટલે કે આ ગ્રાન્ટ આર્થિક સહાયના અન્ય સ્રોતથી સમાન ખર્ચની ચુકવણી કરવામાં આવેલ હોય તેને ખર્ચ ચુકવણીમાં ઉપયોગ તરીકે આ ભંડોળનો ઉપયોગ કરી શકાશે નહીં.

**જો વ્યક્તિ બહુવિધ કારોબારના માલિક હોય અને દરેક કારોબાર માટે અરજી રજૂ કરી હોય તો એમજીસીસી કારોબારના માલિકને મર્યાદિત પ્રક્રિયા કરે તે માટેના સુરક્ષિત અધિકારો ધરાવી શકે છે.*

*** એમજીસીસીના અગાઉના ગ્રાન્ટ પ્રોગ્રામમાંથી તમારા કારોબારે સફળતાપૂર્વક અરજી કરી હોય અને ગ્રાન્ટ મેળવેલ હોય તો સમાન કારોબારી સ્થળ માટે આ પ્રોગ્રામમાં અરજી કરી શકાય નહીં.*

**યોગ્યતા**

- મેસેચ્યુસેટ્સ સ્થિત મેસેચ્યુસેટ્સમાં ભૌતિક રીતે સ્થપાયેલ કારોબાર હોવો જરૂરી છે.
- કારોબાર નફા માટેની એન્ટીટી હોવી જરૂરી છે (મુખ્ય માલિક, ભાગીદારી, કોર્પોરેશન, કો-ઓપરેટીવ અથવા એલએલસી)
- કારોબારને કોવિડ-19 મહામારીને લીધે આવકમાં નુકસાનનું દસ્તાવેજીકરણને સમાન અથવા સહાયતા માટે કરવામાં આવેલ વિનંતી કરતા વધારે માટે દસ્તાવેજીકરણ કરવા સક્ષમ હોવા જોઈએ.
- કારોબાર વર્તમાન સમયમાં ચાલુ હોવો જોઈએ અથવા જો તે ચાલુ ન હોય તો ફરી શરૂ કરવાનો ઈરાદો ધરાવતો હોવો જોઈએ.
- કારોબાર 06/30/2019 અગાઉ સ્થાપવામાં આવેલ હોવો જોઈએ.
- કારાર રાજ્ય અને શહેર/નગરમાં સારી સ્થિતિમાં હોવો જોઈએઃ
  (1) કારોબાર 3/1/2020ના માધ્યમથી તમામ કરો પર વ્યવસાય ચાલુ થતા હોવા જોઈએ;તથા
  (2) જો લાગૂ થવાના સંજોગોમાં રાજ્યનું માન્ય લાઈસન્સ/રજીસ્ટ્રેશન સક્રિય અને માન્ય હોવું જોઈએ;
- અયોગ્યતા ધરાવતા કારોબારઃ
  (1) રિયલ એસ્ટેટના ભાડા/કારોબારનું વેચાણ;
  (2) 18 વર્ષથી ઓછી ઉંમરની વ્યક્તિની માલિકીનો કારોબાર
  (3) કારોબારની શ્રૃખલા (કારોબારની એવી શ્રૃખલા કે જે કારોબાર અનેક સ્થળો સાથે જોડાયેલ હોય પણ મેસેચ્યુસેટ્સમાં વડુમથક ધરાવતો નથી)
  (4) ફ્રેન્ચાઈઝીસ;
  (5) લિકર સ્ટોર્સ;
  (6) લોબીસ્ટ્સ;
  (7) માદક પદાર્થો સાથે સંકળાયેલ કારોબાર;અથવા
  (8) નોન-પ્રોફિટ ઓર્ગેનાઈઝેશન્સ

| આવશ્યક દસ્તાવેજીકરણ |
|---|
| **કૃપા કરી સલાહ આપી શકાય છે- નીચેના દસ્તાવેજીકણ પ્રોગ્રામની સમયસીમા સુધીમાં પૂરી પાડવામાં નિષ્ફળ જવાના સંજોગોમાં તમારી અરજીને ધ્યાનમાં લેવામાંથી બહાર કરવામાં આવી શકે છે:**<br><br>• આઈઆરએસ સમક્ષ રજૂ કરવામાં આવ્યા પ્રમાણેની તમે રજૂ કરેલ વર્ષ 2019ના ફેડરલ બિઝનેસ ટેક્સ રિટર્નની સંપૂર્ણ નકલ (તમામ સૂચિઓ)<br>• દરેક કારોબાર માલિક 20% અથવા વધારે માલિકી માટે આઈઆરએસ સમક્ષ રજૂ કરવામાં આવ્યા પ્રમાણે તમારા દ્વારા ફાઈલ કરેલ વર્ષ 2019ની ફેડરલ પર્સનલ ટેક્સ રિટર્ન્સની એક સંપૂર્ણ નકલ (તમામ સૂચિઓ).<br>• સંચાલનનું લાઈસન્સ/કારોબાર લાઈસન્સ/પ્રોફેશનલ સર્ટીફિકેટની એક નકલ,જો લાગૂ થવાપાત્ર હોય તો.<br>• તમારા કારોબાર માટે સંપૂર્ણ ભરેલ અને સહી કરેલ આઈઆરએસ ડબ્લ્યુ-9 ફોર્મ<br>• જો તમારો કારોબાર એલએલસી, ભાગીદારી અથવા કોર્પોરેશન હોય તો:<br>    i. મેસેચ્યુસેટ્સ સેક્રેટરી ઓફ સ્ટેટની ઓફિસમાંથી તમારા સર્ટીફિકેટ ઓફ ગુડ સ્ટેન્ડિંગની એક નકલ, અહીં ક્લિક કરો: https://corp.sec.state.ma.us/CorpWeb/Certificates/CertificateOrderForm.aspx.<br>        - મેસેચ્યુસેટ્સમાં કામગીરી ધરાવતી તમામ ઓર્ગેનાઈઝ એન્ટીટીઝ મેસેચ્યુસેટ્સમાં નોંધાયેલ હોવી જોઈએ અને સારી સ્થિતિ ધરાવતી હોવી જોઈએ.<br>        - *કૃપા કરી નોંધ લેશો.* મેસેચ્યુસેટ્સના મહેસૂલ વિભાગ તરફથી સર્ટીફિકેટ ઓફ ગુડ સ્ટેન્ડિંગની જરૂર નથી અને મેસેચ્યુસેટ્સ સેક્રેટરી ઓફ સ્ટેટ્નું સર્ટીફિકેટ ઓફ ગુડ સ્ટેન્ડિંગ અવેજ તરીકે સ્વીકારવામાં આવશે નહીં.<br>• જો તમારો કારોબાર સોલ પ્રોપ્રટરશીપ હોય તો:<br>    i. તમારા કારોબારનું સંચાલન જ્યાંથી થતુ હોય તે શહેર/નગરમાંથી તમારું બિઝનેસ સર્ટીફિકેટ (ડીબીએ)ની એક નકલ. |

**(બટન) સેક્ટર-સ્પેસિફિક રિલિફ ગ્રાન્ટ પ્રોગ્રામ માટે અરજી**